૪૫૦૪

મળે ચાહે ઠોર ઉઘાડો ॥ એવાં અનેક સહી દુઃખ દેહે ખરે
સુખી રાખીયે લોક હજારો ॥ હે વિધિ આશો અંધેર૦ ॥૪॥
વચ્છ દીધો હળ ખેંચવા ખેતીમાં ગાડીમાં જોડવા લે જડ ભારો
॥ ધોબીની ગાંસડીથી તુટે પાંસળી, ઘાણી ફેરે નહિં બોલે
બિચારો ॥ વિષ્ટા ને મૂત્ર તો ખેંચી મરે, દુઃખ દેખી એવાં
કંઇ નેક વિચારો ॥ હે વિધિ આશો અંધેર થયો કોઇ
રાજા૦ ॥ ૫ ॥ થોડી સહાય કરે તમને કોઇ તેનાં ગણો
છો ઘણા ઉપકારો ॥ ન્યાયથી વાત વિચારી કહો ત્યારે
એવો અમે શો કર્યોજ બિગાડો ॥ હિંદુ ઇસાઈ કુરાની
મળ્યા, હવે દીસે કઠોર હૃદોજ તમારો ॥ હે વિધિ૦ ॥ ૬ ॥
કુરાની કરે કુરબાની અમારી, ને હિંદુએ ગોમેધયજ્ઞ ચલા-
વ્યો, ઇસાઇની નહિં પૂછોજ વાત જે કાપીને માંસ ભખે
મન ભાવ્યો ॥ એમાં તો એકલા જૈની બચ્યા, જેણે જીવ
સહાયમાં જીવ લગાવ્યો ॥ ધન્યના વાદને જૈની મળ્યા,
જેણે ગોમેધયજ્ઞનો ધ્વંસ કરાવ્યો ॥ ૭ ॥ પુરાણીઓ
ગોમેધ અર્થ ન જાણતા, તેથી અંધેર એઓએ ચલાવ્યો ॥
વળી ગપ્પના ગ્રંથ બનાવી લખ્યા પછી તેહને લેને પુરાણ
ઠરાવ્યો ॥ પરથમ વિદ્યા છોડાવી દીધી, પછી પોતાનો
અર્થ તો સિદ્ધ કરાવ્યો ॥ પોપજી નામ પડ્યું તહીંથી
જ્યારે પોપનો પાશ લઈને બિછાવ્યો ॥ ૮ ॥ **દોહરો**
ધન્યવાદ દૈ વીનતી કરી કહે વારંવાર, ગાયોનો
જનક સુણો અદ્વૈત પોકાર ॥ **કવિત** ॥ ગ
જનક વાણી સુણો વારંવાર, આર્યા
છે તમારોરે ॥ હાય હાય બહુ
કોઇ ધર્મ શાળી મારી ન સુણે

સર્વે હાથ ધોઈ બેઠા, ગાયોની ભણી કોઇ જરા તો નિહાળારે ।। કહે છે અદ્દેત એવી ગાયોની બેદાદી થકી આર્યોપર ખરે પડયો દુઃખ તણો ભારોરે ।। ૯ ।। ગાયોની રક્ષા કરો ગાયોની રક્ષા કરો, ગાયોની રક્ષા કરો ભર્તખંડ વાસીરે ।। સહસ્ત્રો વર્ષોથી હુંપર સંકટ અનેક પડ્યા, હવે આંખ ખોલી જુવો નિદ્રા સુખ રાસીરે ।। દયાનંદસ્વામી ગૌરક્ષક અવતાર થયા, વેદઅર્થ ખોલી, કરી ધર્મની હુલાસીરે ।। ગાયોની રક્ષા કરો દૂધ દહીં માખણ ખાઓ, જાઓ પરલોક થાઓ સહજ સ્વર્ગ વાસીરે ।। ૧૦ ।। ગાયોની રક્ષા તણી વાત સુણી આર્યોમાં પ્રગટી ખુશાલી અને ધર્મધારા ચાલીરે ।। ધર્મરૂપી વર્ષા ભર્તખંડમાંહીં વર્ષી રહયો, ગૌરૂપી વૃક્ષવાડી ફુલી ફળી ફાલીરે ।। રાજા અને પ્રજા સુણી સર્વમાં આનંદ વાધ્યો, ધર્મધારા માંહે આપે સર્વ કોઇ તાલીરે ।। હિંસક સુણીને શોકસાગરમાં ડૂબી ગયા, રાજી થયા રક્ષકો જે હતા ધર્મ શાલીરે ।। ૧૧ ।। **દોહરા** ।। ગાય પોકારે રાજમાં, સુણ પૃથ્વીપતિ રાય ।। ધર્મરાજ તારો સુણયો ત્યાં આ શો અન્યાય ।। ૧ ।। સદા અમર કોઈ નહિં સુણ રાજા અંગરેજ, એક દિવસ પૃથ્વી તણો ત્યાગ કરે
સહેજ ।। ૨ ।। ધર્મન્યાયને શોધીને મનમાં કરે
નિત્ય કપાતી ગાય જે તેનો નહિં સુમાર ।।
કોઈ નાનુંજ બાળક માર્યુંજ જાય તો,
નથી છાણો ।। સહુ પાડપડોશીમાં પૂછી
ભેદ પીછાણો ।। ફાંસી વગેરે
મક નકિકેજ માનો ।। કોટિ

ઉપાય કરે નહિં છૂટે, સુરાજ્યવ્યવસ્થા તો એનેજ જાણે
॥ ૧૨ ॥ ફાંસિનો બોલ સુણાવી દીધો, ફરી કોટિ ઉ-
પાય કરે નહિં છૂટે ॥ સહસ્ર વકીલ ભલે મેળવો, એ તો
વાતો બનાવી કરી ધન લૂટે ॥ કાળા પાણી તણી ટીપ
જાણો જમ રાજની ગાંઠ ગ્રહી નહિં છૂટે ॥ પાપ ઘડો
ભરપૂર ભર્યો, તે તો ધર્મના ન્યાયથી સેજમાં ફૂટે ॥ ૧૩ ॥
ન્યાય કરો એવી રીત થકી, જસ ગાય સહુ જગમાં
નરનારી ॥ ગાય કપાય વિના અપરાધે તમે નહિં નેક
દયા ચિત ધારી ॥ રાજ કરો આર્ય દેશ તણો, તેથી
આવી પોકારતી ગાય બિચારી ॥ હે રાજા મુજ ન્યાય કરો
હું ઉભી તુજ દ્વારમાં દીન ભિખારી ॥ ૧૪ ॥ કોઇનો લેશ
બિગાડ નહિં કરિયે, બનીયે સહુને ઉપકારી ॥ હિંદુ ઇ-
સાઇ કુરાની સહુજન પોષિયે દૂધ દઇ સુખકારી ॥ નીચ
કે ઉંચ ન જાણીએ કોઇને જો પરકારણ દેહજ ધારી ॥
હે રાજા મુજ ન્યાય કરો હું ઉભી તુજ દ્વારમાં દીન ભિ-
ખારી ॥ ૧૫ ॥ વિક્રમ રાજા થયો જગમાં જેણે પર-
દુઃખ ભંજન દેહજ ધારી ॥ ઇતિહાસમાં તેનો હેવાલ
લખ્યો, તમે ભાળો ભણો અને લ્યોને વિચારી ॥ અમે
જીવ અનાથની કાંન સુણો, અમને પડયો સંકટ તો બહુ
ભારી ॥ હે રાજા મુજ ન્યાય કરો૦ ॥ ૧૬ ॥
રાજા અકબ્બર શાહ થયો ત્યારે તેણે ફિરયા
અમારી ॥ હવે મલ્કા વિકટોરિયા રાજ
અમારી વિપત્તિ નિવારી ॥ આજ
કહે, શું સુતા, ઉઠી જુઓને
મુજ ન્યાય૦ ॥ ૧૭ ॥

એ બે ધર્મતણા પુસ્તક છે એમાં કહીં લખ્યો નથી
ગૌતણો વિનાશરે ॥ વળી પારસીઓતણા જરાતુસ્થ
ધર્મનાજ પુસ્તકમાં લખ્યો નથી જીવ તણો ત્રાસરે ॥ ચાર
વેદ ખોળ્યા માંસ ખાવાનું ન નામ મળે, વિના અપરાધ
ગાય બકરાંઓનો ફાંસરે ॥ જીભડીના સ્વાદથી એ સર્વ અ-
પરાધી થયા, કહે છે અર્દેત તેથી મને આવે હાસ્યરે ॥૧૮॥
સવૈયા ॥ દૂધ દહીં ઘૃત ખાઓ ભલે અને હાડથી કાર્ય
અનેક બનાવો ॥ ચામનાં કામ અનેક બને વળી પહેરી
પગરખાંને પેર બચાવો ॥ યંત્રોમાં ચર્મ લગાડો બહુ અને
પુંછના ચમરથી માન કમાવો ॥ વારી વારી વીનતી કરૂં
છું મુજ માંસ ન ખાઓ ને પ્રાણ બચાવો ॥ ૧૯ ॥ **કવિત**
॥ કલકતાની એક વાત મળી છે ગેઝેટમાંથી, તેનો તો
હિસાબ કવિ સર્વને સુણાવે છે ॥ ત્રણ માસમાંહી ગાય
વાછડાનો વધ થયો, તેનો તો સુમાર સવ કોઇને બતાવે
છે ॥ ત્રેવીસ હજાર છસે ચુમાલીસ ઘાત થયા ચોગણા
કરેથી વર્ષનો હિસાબ આવે છે ॥ ચોરાણું હજારપર
પાંચસે છોંતેર પશુ વર્ષમાં કલકતે મરે કોણરે બચાવે
છે ॥ ૨૦ ॥ કલકતાને મુંબઈ એ બન્નેનો હિસાબ કરો,
કંઈકમ બે લાખની ગણત્રી પુરી થાયછે ॥ વળી આખા
ન ખંડમાંહે રાજ અંગ્રેજોનો તેનો તો હીસાબ કરે
ી જાય છે ॥ બકરા મેંઢા પાડા, હરણ સુવરો-
થી, દેવી ભૈરવ નામ ધરી દુનીયાંમાં
મુસલમાન સર્વ ભાઇ મળી વિચારો,
વગોવાય છે ॥ ૨૧ ॥ કોઇ ગાય
છે, અધિકમાં અધિક કોઇના

વીશ શેર આવે છે ।। જેનો મધ્ય ભાગ દુધ શેર અગીયાર થાય, મહિનામાં સવા આઠ મણની તોલ લાવે છે ।। કોઇ દે છ માસ દુધ, કોઇ દે અઢાર માસ તેનો તો સુમાર કરી કવિ તો બતાવે છે ।। એક ગાય વ્યાતમાં નવાણું મણ દુધ આપે જેની ખીર ખાઇ પ્રજા પુષ્ટતામાં આવે છે ।। ૨૨ ।। એટલું આટાવી દુધ છજ મણ ચોખા નાખી આઠ મણ શાકરથી સૌને સહજ ભાવશે ।। ત્રેવીશ હજાર અને છસે ને ચાલીસ જણ એક વાર ખાતાં ભૂખ સર્વની સમાવશે ।। પરતાં ને બદામ વળી એલાયચી આદિ મેવા નાખેથી સુગંધી ભાઇયો સ્વર્ગતક સુહાવશે ।। કહે છે અદ્વૈતાનંદ સરસ્વતી વિચારીને, એક ગાય મારે હાની એટલીજ આવશે ।। ૨૩ ।। કોઈ ગાય દુબળી માંદી વીયાએ છે છજ વાર, મોટી મસ્ત કોઇ તો અઢાર વાર ફળે છે ।। વિચારીને તેની સંખ્યા મધ્ય ભાગ લઇયે ત્યારે અરધી ગણત્રી કરે બાર વાર મળે છે ।। છતો તેમાં ગાય અને બેલ પણ છજ ગણો, સર્વ ઉપયોગી પડે સૌને સુખ જડે છે ।। ગાયો થકી દૂધ અને બેલોની મહેનતે અન્ન, ચાર લાખ ભૂખી પ્રજાતણું દુખ દળે છે ।। ૨૪ ।। પેઢી દર પેઢીની ગણત્રી કરો કહે કોઇ, કહેવા જતાં કોઈ કાળે પાર નહીં આવેરે ।। એક ગાય મારી ખાશે એંસી લક્ષ ... ભરે, તેવા જગદ્રોહી જન માંસાહારી કહાવેરે."

સર્વ કોઈ માને પર ઉપકાર ધર્મ, કર્મ હાની

દર્શાવેરે ।। કહે છે અદ્વૈત હવે આ જ...

હિંસાને પાપ કહેતાં કોણ બાધ...

હવે આર્યજનોને વિનંતી કે

ભાઈ ।। તમે આર્યતણો અભિમાન ધરો, આવી બોજ પડયો તમારે શિર આંહીં ।। શું તમે પણ ધર્મને છોડી દીધો, તમે સાધુને ગૌની રક્ષા કરો ચ્હાઇ ।। ગાય ઉભી અરજી કરતી, તમે પ્રાણ અમારો બચાવોને ધાઇ ।। ૨૬ ।। ત્યારે આર્ય ઉંડી કરી ઉત્તર દે, અમને સહુ હિંદુ તો નાસ્તીક ગાવે ।। અમે નિર્ધન એ ધનવાન પડયા, પણ સૂતા પડયા એ તો દ્રવ્ય ઉડાવે ।। ઉપદેશ ન વેદનો કોઈ સુણે, ને પુરાતન ધર્મ પુરાણ બતાવે ।। તું ફિરયાદ કરે જઈ હિં-દુકને, તો તો સર્વ મળી તારો પ્રાણ બચાવે ।। ૨૭ ।। અમે કહીએછ ગાયોની રક્ષા કરો, ત્યારે એ કંઇ એકનું બી-જું અડાવે ।। વિદ્વાન નહિં કોઇ રાજા અહીં, કોણ કેની કને તારો ન્યાય કરાવે ।। પંડિત ગોમેધ સિદ્ધ કરે, કાંઇ ધર્મ વિચાર તો નહિંજ કરાવે ।। તું ફિરયાદ કરે જઇ હિંદુકને તો તો સહુ મળીને તારો પ્રાણ બચાવે ।। ૨૮ ।। (ગાય કહે છે) જે કોઈ પંડિત ગોમેધ યજ્ઞ કરે, તે તો યજ્ઞમાં આપ ભસે બળી જાય ।। પરિવાર કુટુંબને ભસ્મ કરે, સહુ સાથ મળી કરી વૈકુંઠ જાય ।। એઓ સ્વર્ગમાં જઈ કરી રાજ્ય કરો, અમો જીવ અનાથનું રક્ષણ થાય ।। અમે આશ કરી છેજ આર્યતણી, કરશોજ અમારી કંઈક સ-[illegible]ય ।। ૨૯ ।। સહુ હિંદુને પોપોએ બાંધિ લીધા, વળી [illegible]ને નાખ્યા પુરાણને ખાડે ।। કંઇ ધર્મઅધર્મને [illegible] અને પત્થર સાથ જઇ શિર મારે ।। કરી [illegible]વી પછી માથે પાડા ને બકરાંઓ જઇને [illegible]શ્ર ઊપર રેડીને, માંસ ભખે જાણે [illegible]પ ખાઇને અમૃત દુધ શ્રવું, [illegible]ે ।। મમ પુત્ર તો ખેતીમાં

સહાય કરે, અમે ગૌ અમને ન વૃથા દમરે ॥ શરણા-
ગત આવી છું સર્વ કને, કરૂણા કરી બાંહ્ય ગૃહો મમરે ॥
તૃણ મોંમાં ધરી કરૂં છું વીનતી, કંઈ ધ્યાંન ધરો અમારી
ગમરે ॥ ૩૧ ॥ **દોહરા** ॥ ગૌ કરૂણા સુણી આર્યજન
ઊંચાં કીધાં કાન ॥ અમૃતસર મધ્યે મળ્યા ધરિ ઇશ્વરનું
ધ્યાન ॥ **સવૈયા** ॥ ખરેખર એકય કરી સહુ આર્ય
કર્યો પુરૂષારથ જે બની આવ્યો ॥ લાહોરના આર્યસ-
માજી જનોએ પંજાબમાં એવોજ નેમ ચલાવ્યો ॥ હવે
ગાય ખરીદો સમાજ સહુ, એમ અમૃતસર જઇ શોર
મચાવ્યો ॥ સહુ મેળામાં ગાયો ખરીદી લીધી, કીધો
આનંદ ઉત્સવ સહુ મન ભાવ્યો ॥ ૩૨ ॥ **કવિત** ॥
મેળાતણી ધામધુમ થોડી એક વર્ણવું છું, ગાયોની પાસ
ખાસ વાજીંત્રો બજાવે છે ॥ વાગે મૃદંગ, તાલ ઢોલકી
તંબુરો વાગે, સારંગી સિતાર તે તો સહુને મન ભાવે
છે ॥ ગાતા રાગ ઠુમરી ધ્રુપદ સરગમ તરાના ચતરંગ,
વેદોની ધુનિ કરી દેવ સહુ રીઝાવે છે ॥ આર્યોનો પ્રેમ
વાધ્યો, ધર્મરૂપી ધારા ચાલી, કહેછે અદ્વૈત ત્યાં સજ્જન
ન્હાવા આવે છે ॥ ૩૩ ॥ ફરી તો ફરક્કાબાદ શેહેરના
સમાજે વાત ગાયોની રક્ષા તણી મંનમાં વિચારી છે ॥
કરીને કમેટી ફરી ભરીને નાણાના ફન્ડ, જલદીથી ગાયો
તણી ખરીદી કરી જારી છે ॥ હરદ્વારચંડી પાસે વા
બનાવી દીધો, ખાતી રહે ઘાસ ગૌ રહેતી મ
એવી રીતે સર્વ તમે થોડા થોડા જોર
રક્ષા થવી તે શું કંઇ ભારી છે ॥
ણી ત્રિલોકીનાથજીએ રોપી
આવ્યો છે ॥ એક છત્ર રાજ

સતજુગના જોરે કંઈક કલજુગ દબાવ્યો છે ॥ ખ્રિસ્તિ મુસલમીન એમાં સર્વ કોઈ નાણા ભરે, પારસી ભાઈયોએ ઉત્સાહ ઉંચે તો ચડાવ્યો છે ॥ આર્ય જન, ફુલે અંગે આનંદ સમાય નહિં, એવો દિન આજ દીનાનાથ પ્રભુ લાવ્યો છે ॥ ૩૫ ॥ આર્યાવર્ત્તવાસીઓએ ગાયોની સેવા કરી, એને તો આર્યજન મહા ધર્મ માને છે ॥ આવ્યા મુસલમાનો જ્યારે ગૌવધમાં જોર કીધો તેને તો આર્યજન જબરૂં દુઃખ જાણે છે ॥ હમણા તો ઉપાય એક સહજમાં બતાવી દીધો કર એમાં રહાય તે તો મર્દને પ્રમાણે છે ॥ કહે છે અદ્વૈતાનંદ વાત તો વિચારી કરી, પરોપકાર ધર્મ મૂળ સર્વ એને માને છે ॥ ૩૬ ॥

અથ ગોમેધ અશ્વમેધ યજ્ઞખંડન ॥ કવિત॥

દક્ષિણી જે બ્રાહ્મણોએ મળીને વિચાર કીધો વેદને બનાવ્યો ફાગુયજુ નામ ધરિને ॥ વળી માંસના ખાનારાઓએ મળીને કરી સંમતી, માંસનું પ્રકરણ જેમાં ધર્યું સિદ્ધ કરિને ॥ પશુઓને મારે દયા નેકના વિચારે એ તો ન્યાયાધીશ ઇશ્વરથી લેશ તો ન ડરિને ॥ યજ્ઞનું બહાનું કરી પશુ મારી ખાઈ જાય, બન્યા છે કસાઇ એ તો વેદ વિરૂધ પડિને ॥ ૧ ॥ યજ્ઞ તો કરેથી અમને સ્વર્ગલોકમાં વાસ મળે, માતા પિતા પુત્ર બંધુ પશુ સહિત [illegible]રે ॥ સ્વર્ગમાં જઇને હમે કલ્પ લગી ભોગ ભોગી [illegible]ન વસ્ત્ર પાંમી, દિવ્ય ભવને રહીશું રે ॥ દિવ્ય જે [illegible] તો ગંધર્વ આવી સામગાન કરશે તે તો [illegible] દિવ્ય નૃત્ય કરશે તે સુણવા ઇંદ્ર સ[illegible] પાસે તે તો નિરખી રહીશું રે ॥૨॥ [illegible] વિના સ્વર્ગ કોઇએ તો